ગાંધીનગર સમાચાર



# ગાંધીનગરની વૈદેહીને વર્લ્ડ સ્કૂલ ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક

**વર્લ્ડ સ્કૂલ ગેમ્સમાં વૈદેહી અને ઋત્વી ચૌધરીએ ફ્રાન્સની ટીમને પરાજય આપીને ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ પણ પ્રાપ્ત કર્યો**






ગાંધીનગર, તા. ૧૭ ટ્રેબઝોન, તુર્કી ખાતે ચાલી રહેલી ઈન્ટરનેશનલ સ્કૂલ ગેમ્સમાં ભારતને સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત થયો છે અને આ સુવર્ણ ચંદ્રક મૂળ ગાંધીનગરની ખેલાડીના માધ્યમથી પ્રાપ્ત થયો છે. ટૅનિસની કુશળ ખેલાડી વૈદેહી ચૌધરીએ આ સન્માન ભારતને અપાવ્યું છે. ગઈકાલે રમાયેલી ફાઈનસ મૅચમાં વૈદેહીએ યજમાન તુર્કીની ખેલાડી સામે ૬-૩, ૬-૨થી જીત મેળવીને આ સિદ્ધિ હાંસલ કરી હતી. આ અગાઉ વૈદેહીએ ક્વાર્ટર ફાઈનલ મેચમાં ફ્રાન્સની ઓઝુકસ એન્ડ્રીયાને ૬-૦, ૬-૩થી અને સેમિફાઈનલ હૉટ ફેવરીટ ગણાતી ગુલિન જોર્જિયાને ૬-૩-, ૭-૬થી હરાવીને પોતાનું નામ સેમિ ફાઈનલ માટે મુકરર કરી નાખ્યું હતું.

ઉલ્લેખનીય છે કે વૈદેહીએ આ ઉપરાંત એક ન્ય સિદ્ધિ પણ હાંસલ કરી છે. વર્લ્ડ સ્કૂલ ગેમ્સમાં વૈદેહી અને ઋત્વી ચૌધરીએ ફ્રાન્સની ટીમને પરાજય આપીને ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મૅડલ પ્રાપ્ત કર્યો હતો.

શાંતિ નિકેતન સ્કૂલ, સૅક્ટર-૨૯ની પૂર્વ વિદ્યાર્થીની અને ગાંધીનગરની લોકપ્રિય ખેલાડી વૈદેહી તથા તેની બહેન ઋત્વીને સ્કૂલ પરિવાર વતી બિપીન રાવલ તથા ખેલપ્રેમી નગરજનો તરફથી અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યા છે.

# જિલ્લા પંચાયત અને આરટીઓ કચેરીના પાર્કિંગ માટે વન વિભાગ સહકાર આપે તે જરૂરી : કલેક્ટર

**વન વિભાગને કડક તાકીદ પછી પણ તંત્ર હજુ ટસનુ મસ થતુ નથી**

ગાંધીનગર, તા. ૧૭ ગાંધીનગર જિલ્લા પંચાયતમાં તેમજ આરટીઓ કચેરી નજીક વન વિભાગને જમીન ખુલ્લી કરી પાર્કિંગની સુવિધા થાય તે જોવા માટે જિલ્લા કલેક્ટર સતીષ પટેલે કડક તાકીદ કરી છે.

ગઈકાલે ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની મળેલ બેઠકમાં જિલ્લા કલેક્ટર પટેલે જિલ્લા પંચાયતની આગળ કરાયેલ ફેન્સીંગના મુદ્દે વન વિભાગનો રીતસરનો ઉઘડો લેતાં જણાવ્યું હતું કે જિલ્લા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ તમને ફોન કરે તો પણ રિસીવ ના કરો; તેમની રજુઆતને પણ ધ્યાને ના લો આ વાત બરાબર નથી.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે જિલ્લા પંચાયતમાં સતત અવર-જવર અને પ્રજા માટે મહત્વની કચેરી છે. આ બાબતે વન વિભાગના અધિકારીઓ જાતે જાય તેમજ સાંજ સુધીમાં વૈકલ્પિક વ્યવસ્થા શું થઈ શકે જરૂર પડ્યે તેમણે ફેન્સીંગ ખોલી અને પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવા તાકીદ કરી હતી.

આરટીઓ કચેરી નજીક પણ સરકારી વાહનો મુકવા માટેની જગ્યાનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો હતો. જો કે વન વિભાગનું નકારાત્મક વલણ જોઈ જિલ્લા કલેક્ટર ચોંકી ઉઠ્યા હતા. તેમણે વન વિભાગના અધિકારીઓને આ બન્ને સરકારી કચેરીઓમાં પાર્કિંગની સુવિધા બાબતે તાબડતોબ પગલાં લેવા માટે જણાવ્યુ હતુ.

ગાંધીનગર જિલ્લા પંચાયત તો ૧૨ મીટર જગ્યા પછી જ ફેન્સીંગ કરવુ જોઈએ તેવી લેખિત રજુઆત પણ વન વિભાગને મોકલી આપી છે. વન વિભાગે રવિવારની રજાના દિવસે જ ફેન્સીંગ કરી દીધુ હતુ.

ગઈકાલે જિલ્લા કલેક્ટરની સૂચના પછી પણ વન વિભાગના અધિકારીઓ પંચાયતની કચેરી પાસે જઈ વાહન-પાર્કિંગ માટે ફેન્સીંગ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કપાસના વાવેતર વિસ્તારમાં ઘટાડો

**મગફળી, શાકભાજી, ઘાસચારો તેમજ કઠોળ પાકોનું નોંધપાત્ર વાવેતર : ગત વર્ષે આ સમયગાળામાં નોંધાયેલા વાવેતર વિસ્તાર કરતાં આ વર્ષે તેમાં વધારો જોવા મળ્યો : મગફળીનું વિક્રમી વાવેતર થવાના સંકેતો : પાક પેટર્નમાં બદલાવ નોંધાયો**

ગાંધીનગર, તા. ૧૭ ગાંધીનગર જિલ્લામાં કપાસના વાવેતરમાં પાંચ થી છ હજાર હેક્ટર જેટલો ઘટાડો નોંધાયો છે. હવે કપાસના વાવેતરનો સમય પૂર્ણ થતાં આ ચોંકાવનારી હકીકત બહાર આવવા પામી છે.

જિલ્લામાં ૧૫-૭-૨૦૧૭ના અહેવાલો મુજબ ૨૦,૨૮૦ હેક્ટરમાં કપાસનું વાવેતર નોંધાયું છે. સૌથી ઓછુ વાવેતર કલોલ તાલુકામાં નોંધાયું છે જે માત્ર ૧૪૨૩ હેક્ટર છે. જિલ્લાના પરંપરાગત પાક તરીકે કપાસની ગણના થતી હતી પરંતુ કપાસની ખેતી મોંઘી બનતાં ખેડૂતોએ હવે તેમનુ મન બદલ્યુ છે.

જિલ્લામાં ૧૭-૭-૨૦૧૫ સુધીમાં સરેરાશ વરસાદ ૯૫ મિ.મિ. હતો જ્યારે ૧૭-૭-૧૬ સુધીમાં નોંધાયેલ વરસાદ ૧૬૨.૨૫ મિ.મિ. સરેરાશ હોવા છતાં કપાસ પાકના વાવેતરમાં નોંધાયેલો ઘટાડો આંચકાજનક છે.

ગત વર્ષે આ સમયગાળા સુધીમાં ૨૩,૨૯૯ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ હતુ જ્યારે આ વર્ષે માત્ર ૨૦,૨૮૦ હેક્ટર વિસ્તારમાં જ વાવેતર થયું છે. સામાન્યતઃ ૧૫ જુલાઈ સુધી કપાસના વાવેતર માટેનો શ્રેષ્ઠ સમય ગણવામાં આવે છે. જો કે આ પછી પણ એકાદ સપ્તાહ સુધી ખેડૂતો વાવણી કરતા હોય છે.

● અનુસંધાન પાન-૭ પર

## ખરીફ પાક માટેના પ્રતિકૂળ હવામાનને લઈ ખેતી તંત્ર હરકતમાં

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં સતત વાદળછાયા વાતાવરણ અને વરસાદને કારણે પાણી ભરાઈ રહેવાથી તેમજ એકદમ તડકો નિકળવાને પગલે ખરીફ પાકોના વાવેતરોમાં જુદા જુદા રોગની સંભાવનાઓ વધી જવા પામી છે.

ખાસ કરીને કપાસ અને મગફળીના પાકમાં સુકારો, ખૂણિયા ટપકાંનો રોગ તેમજ ચૂસિયા જીવાત માણસા, ગાંધીનગર અને દહેગામના કેટલાક વિસ્તારોમાં જોવા મળતાં જિલ્લાનું ખેતીવાડી તંત્ર હરકતમાં આવ્યુ છે. આ માટે ખેડૂતોને તાત્કાલિક દવાનો છંટકાવ કરવા માટે અને ગ્રામસેવક પાસેથી માર્ગદર્શન મેળવવા માટે અપીલ કરવામાં આવી છે.

લીલા શાકભાજીના પાકોમાં પણ ઈયળોનો ઉપદ્રવ થતો હોવાનું જણાયુ હોવાનું ધ્યાને આવ્યુ છે. જિલ્લાતંત્ર દ્વારા દરેક ગ્રામસેવકોને પણ આ માટે ખેડૂતો સાથે સંપર્ક વધારી જરૂરી માર્ગદર્શન આપવા માટે તાકીદ કરવામાં આવી છે.



જયાપાર્વતીનું વ્રત - જયાપાર્વરતીના વ્રતના આરંભ સાથે શહેરમાં ઉત્સાહનો માહોલ સર્જાયો છે... ભારતીય સંસ્કૃતિમાં સારા ઘર અને સારા વર માટે બહેન-દીકરીઓ ઉગ્ર તપશ્ચર્યા વિવિધ વ્રતો દ્વારા કરે છે... જયા પાર્વતીના વ્રતમાં પાંચ દિવસ સાવ મોળું ખાઈને પૂજન-અર્ચન અને જાગરણની પરંપરા છે... શહેરના નગરદેવતા પંચદેવ મંદિરના પ્રાંગણમાં સવારથી જ બહેનો પૂજન-અર્ચન માટે ઉમટી હતી....

# શહેર હીલસ્ટેશનમાં ફેરવાયુ

**વરસાદી વાતાવરણથી શહેરનો નજારો રળીયામણો બન્યો : ઝરમર વરસાદનો આનંદ માણતા નગરજનો**

ગાંધીનગર, તા. ૧૭ છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદના કારણે શહેર ખરા અર્થમાં ગ્રીનસીટી બન્યુ છે. ચોતરફ ફેલાયેલી લીલોતરીના પરિણામે ગાંધીનગર જાણે એક હીલસ્ટેશન હોય તેવું વાતાવરણ છવાયુ છે. રવિવારની રજામાં ઝરમર વરસાદનો આનેદ નગરજનોએ માણ્યો હતો.


વરસાદ પડતા જ શહેરનો સમગ્ર નજારો જ બદલાઈ જાય છે. ગ્રીનસીટી તરીકે ઓળખાતુ શહેરનો નજારો અદભૂત બની જાય છે. છેલ્લા



કેટલાક દિવસોથી ગાંધીનગરમાં સારો એવો વરસાદ પડી રહ્યો છે. જેના પરિણામે ઠેર ઠેર ઘાસ ઉગી નીકળ્યુ છે. ખુલ્લા વિસ્તારો તરફ નજર ફેરવો તો જાણે લીલા રંગની ચાદર પાથરી દીધી હોય તેવા દશ્યો જોવા મળે છે. છેલ્લા બે દિવસથી વાદળોની સતત અવરજવર વચ્ચે ધીમો વરસાદ ચાલુ રહ્યો છે. જેના પરિણામે સમગ્ર શહેર કોઈ હીલસ્ટેશન હોય તેવુ લાગે છે. આજે રજાના દિવસે અદભુત વાતાવરણને માણવા માટે નગરજનો બાગ-બગીચાઓમાં ઉમટી પડ્યા હતા. ગૌરીવ્રત કરતી બાળાઓ સપરિવાર બાગ-બગીચાઓમાં ઉમટી પડી હતી. દિવસ દરમ્યાન પડેલા ધીમા વરસાદથી સહેલાણીઓને મોજ પડી ગઈ હતી. ધીમી ધારના વરસાદને નગરજનોએ માણ્યો હતો. વરસાદી વાતાવરણ વચ્ચે છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં ૯ મી.મી. વરસાદ નોંધાયો છે.

અમદાવાદ શહેર માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, વરસાદી વાદળાઓ રહેશે અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગ તરફથી કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છના જે ભાગોમાં હળવા ઝાપટા પડ્યા છે તેમાં અમરેલી, ભાવનગર, પોબંદર, રાજકોટનો સમાવેશ થાય છે. સુરેન્દ્રનગરમાં પણ હળવો વરસાદ થયો છે. બીજી બાજુ અપર એર સાયકલોનિક સરક્યુલેશનની પરિસ્થિતિ ઉત્તર પૂર્વીય અરેબિયન દરિયા ઉપર સર્જાયેલી છે જેના કારણે વરસાદી ઝાપટા પડી શકે છે.


**બેસણું**



કર્મઠ સ્વાતંત્ર્ય સેનાની, ગાંધીનગર જિલ્લા કૉંગ્રેસના સ્થાપક પ્રમુખ,ગુજરાત સરકારનાં પૂર્વ મંત્રી, ગાંધી વિચારધારાનાં પ્રખર હિમાયતી અને આજીવન સાદગીને વળગીને રહેલા **શ્રી કાસમબાપુ તિરમીઝીનું** તા.૧૬/૦૭/૨૦૧૬ને શનિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થનું બેસણું: તા.૧૮/૦૭/૨૦૧૬ને સોમવારે સવારે ૯ થી સાંજના ૫ઃ૦૦ સુધી પ્રિતમ પાર્ટી પ્લોટ, લીંબડીયા ગામના બસ સ્ટેન્ડ પાસે, નર્મદા મેઇન કેનાલ પાસે, તા.જી. ગાંધીનગર ખાતે રાખેલ છે.

લી.
સહેરાના મહંમદ ઈકબાલ તિરમીઝી
નસીમ ઈમ્તીયાઝ તિરમીઝી
ગૌસીયા રીઝવાન કદારી
મોહંમદ ઈકબાલ કાસમબાપુ તિરમીઝી (એડવોકેટ-બડેભાઈ)
સમીર મોહંમદ ઈકબાલ તિરમીઝી
ઈમ્તીયાઝ મહીનુદ્દીન તિરમીઝી
ડૉ. રીઝવાન કાદરી તથા
સમસ્ત કરમઅલી તિરમીઝી પરિવાર

બડેભાઈ મો. ૯૮૨૪૦૪૯૪૯૧/૯૪૨૬૬૪૯૪૯૧



મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.



સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



જેકથી મકાન ઉંચુ કરનાર...
આપનું મકાન તોડ્યા વિના પાયાથી ઉંચુ કરવા માંગો છો ?
- શું આપનું મકાન રોડ લેવલથી નીચું છે ?
- શું આપના મકાનમાં વરસાદી પાણી ભરાઈ જાય છે ?
- શું આપ મકાન તોડ્યા વિના ઉંચું કરવા માંગો છો ?

તો ચિંતા કરશો નહી, આપની મુસીબતમાં અમો સહભાગી બનીશું. જેમાં આપનું મકાન આપ ચાહો એટલું ઉંચું ૧૦૦% ગોરંટી એગ્રીમેન્ટ સાથે કરી આપીશું.
આજે જ સંપર્ક કરો
ગુરૂદેવ કન્સ્ટ્રક્શન
૨૯, વ્રજવીહાર-૬, રાહુલ ટાવર પાસે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, જોધપુર સેટેલાઈટ, અમદાવાદ.
સંપર્ક : મુકેશભાઈ - ૯૮૨૫૭ ૭૬૯૦૦ ● વિષ્ણુભાઈ - ૯૯૦૯૪૬૯૦૮૦



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com